# સ્પર્ધકો પાસે કોઈ એજન્ડા નથી : મોદી

સંભલપુર,તા.૧૪

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ ઓરિસ્સાના સંભલપુરમાં વિશાળ રેલીને સંબોધતા પોતાના આક્રમક અંદાજમાં કોંગ્રેસ અને યુપીએ ઉપર પ્રહારો કર્યા હતા. સ્થાનિક લોકોને પ્રભાવિત કરવા માટે મોદીએ આદિવાસી કાર્ડ પણ રમતા કેટલાક લોકોને આને લઈને આશ્ચર્ય પણ થયું હતું. મોદીએ ચુંટણીપંચ અને સુપ્રીમ કોર્ટની ભુમિકા ઉપર પ્રશ્નો ઉઠાવવા બદલ કેન્દ્રીય પ્રધાન સલમાન ખુર્શીદ ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ કહ્યું હતું કે, અમારા વિદેશમંત્રી સલમાન ખુર્શીદ લંડનમાં જઈને એક કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટ અને ચુંટણીપંચની ટીકા કરે છે. જ્યારે આ સંસ્થાઓની પ્રશંસા થવી જોઈએ. મોદીએ કહ્યું હતું કે, અમેરિકા જેવા વિકસીત



દેશમાં પણ મત ગણતરી ઘણા દિવસો સુધી ચાલે છે. બીજી બાજુ ભારતમાં એક જ દિવસમાં પરિણામ આવી જાય છે. ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ (આઈએનસી)નું નામ બદલીને હવે ઈન્સ્ટીટ્યુશન નેગલેક્ટિંગ કોંગ્રેસ કરી દેવું જોઈએ. મોદીએ પ્રહારોનો મારો જારી રાખ્યો હતો. કોંગ્રેસ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું હતું કે, આ પાર્ટી સતત ઘણા વર્ષોથી લોકો સાથે વિશ્વાસઘાત કરી રહી છે અને લોકો વિશ્વાસઘાત કરનારને ક્યારેય માફ કરતા નથી. મોદીએ કહ્યું હતું કે, ભાજપનો હેતુ માત્ર સત્તા પર આવવાનો નથી બલ્કે દેશને આગળ વધારવાનો છે. કોંગ્રેસ ખોટા વચનો આપવામાં કુશળતા ધરાવે છે. ૬૦ વર્ષથી દરેક ચુંટણીમાં નવા ખોટા નિવેદન કરવામાં આવે છે. કોંગ્રેસે ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટાડવાનું વચન આપ્યું હતું. મોંઘવારી ઘટી નથી. કોંગ્રેસ એક માત્ર એવી પાર્ટી છે જેને કોઈપણ વાત સમજવામાં ૬૦ વર્ષ લાગી જાય છે. ૬૦ વર્ષ બાદ કોંગ્રેસને આ વાત સમજાઈ કે ગરીબોને ભોજન જોઈએ હવે જઈને ભોજનનો અધિકાર આપવામાં આવે છે. આદિવાસીઓને પ્રભાવિત કરવાના પ્રયાસમાં મોદીએ કહ્યું હતું કે, કોંગ્રેસને આટલા વર્ષ સુધી આ વાત યાદ આવી નથી કે દેશમાં આદિવાસી પણ છે. વાજયેપીના નેતૃત્વમાં પ્રથમ વખત આદિવાસીઓ માટે અલગ મંત્રાલય અને બજેટની જોગવાઈ કરવામાં આવી હતી.કોંગ્રેસને જો ચિંતા રહી હોત તો ઘણા પહેલાથી કામ શરૂ થઈ ગયું હોત. આદિવાસીઓને જમીનના અધિકાર જોઈએ છે. જો કોઈએ તેમને જમીનના હક્ક આપ્યા છે તો તે ભાજપ છે. મોદીએ કહ્યું હતું કે, ૧૮૫૭માં સ્વરાજની લડાઈ હતી.

૨૦૧૪માં સુરાજની લડાઈ છે. ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકના મુદ્દે મોદીએ હળવું વલણ અપનાવ્યું હતું. મોદીએ કહ્યું હતું કે તેમના હરિફો પાસે કોઈ એજન્ડા નથી. મોદીને રોકો મોદીને રોકો તે મુદ્દા પર જ આગળ વધી રહ્યા છે. ભારતની સમસ્યાનું ઉકેલ શોધી કાઢવા તેઓ સતત મથામણ કરી રહ્યા છે પરંતુ વિરોધપક્ષો મોદીનો ઉકેલ શોધવામાં લાગેલા છે. વિકાસ, રોજગારી અને સમૃદ્ધિની નિતી લાવવા તેઓ વિચારી રહ્યા છે.

## મોદીની લહેર છે તો સેફ સીટ કેમ શોધાઈ રહી છે : સિબ્બલ

કેન્દ્રીય પ્રધાન કપિલ સિબ્બલે આજે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, મોદીને પણ શા માટે સુરક્ષિત બેઠકની જરૂર દેખાઈ રહી છે. કપિલ સિબ્બલે સોશિયલ નેવર્કીંગ સાઈટ ટ્વિટર ઉપર જણાવ્યું છે કે, જો મોદીની જોરદાર લહેર છે તો તેમના માટે સુરક્ષિત બેઠક શોધવાની શા માટે જરૂર પડી રહી છે. આજમગઢમાંથી કેમ ચુંટણી લડી લેતા નથી. તેમને મોદીની લહેરને લઈને પણ શંકા થાય છે.

મોદીની બેઠક કઈ હશે તેને લઈને ઘણીબધી દુવિધાઓ ઉભી થઈ છે. ભાજપે લોકસભાની ચુંટણી માટે ત્રણ ઉમેદવારોની યાદી જારી કરી દીધી છે. પરંતુ ઘણી બધી ગુંચવણો રહેલી છે. ભાજપની કેન્દ્રીય ચુંટણી સમિતિ પણ વારાણસી બેઠક ઉપર સર્વસમ્મતિ ઉપર પહોંચી શકી નથી.

# કેજરીવાલના વિવાદાસ્પદ નિવેદન સામે ભારે હોબાળો

નવી દિલ્હી,તા.૧૪

વિવાદાસ્પદ નિવેદનોના કારણે ભારે મુશ્કેલીમાં મુકાયેલા આમ આદમી પાર્ટીના લીડર અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના બચાવમાં એએપીના નેતાઓ પણ આવ્યા છે અને તેમનો બચાવ કર્યો છે. બીજીબાજુ કેજરીવાલે પોતાના નિવેદનથી પીછેહઠ કરવાનો પ્રયાસ કર્યો છે. નવેસરથી વિવાદ છેડીને કેજરીવાલે કહ્યું છે કે, સમગ્ર મીડિયા વેચાયેલું છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને પ્રમોટ કરવા માટે જંગીનાણા ચુકવવામાં આવે છે. જોકે મોડેથી કેજરીવાલે મીડિયા સામે આક્ષેપ કર્યા હોવાનો ઈન્કાર કર્યો હતો. કોંગ્રેસ, ભાજપ અને સીપીઆઈ



દ્વારા તીવ્ર પ્રહારો કરવામાં આવી રહ્યા છે. છેલ્લા એક વર્ષથી કહેવામાં આવી રહ્યું છે કે, મોદી અહીં છે મોદી ત્યાં છે મોદી એમ કહી રહ્યા છે. ટીવી ચેનલો કહી રહ્યા છે કે રામ રાજ્ય આવી રહ્યું છે ભ્રષ્ટાચાર ખતમ થઈ જશે. ટીવી ચેનલ પર દર્શાવવામાં આવેલા કેજરીવાલના વિડીયોમાં આ મુજબની વાત કરવામાં આવી રહી છે. ટીવી ચેનલોને જંગી નાણાં ચુકવવામાં આવી રહ્યા છે. તેવો આક્ષેપ કેજરીવાલે કર્યો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, છેલ્લા ૧૦ વર્ષમાં આશરે ૮૦૦ ખેડુતો ગુજરાતમાં આત્મહત્યા કરી ચુક્યા છે પરંતુ કોઈ ચેનલે આ મુજબના સમાચાર રજુ કર્યા નથી. ખેડુતોને માત્ર એક રૂપિયામાં તેમની જમીન કંપનીઓને વેચવાની ફરજ પડી છે પરંતુ આ અહેવાલ પણ મીડિયામાં દર્શાવવામાં આવ્યા નથી. કેજરીવાલે સમગ્ર મીડિયા વેચાયેલું હોવાના આક્ષેપ કરતા હોબાળો મચી ગયો છે. બીજી બાજુ કેજરીવાલના બચાવમાં એએપીએ નવા મોરચા ખોલી દીધા છે. આજે આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં પ્રવક્તાઓના કાફલા સાથે પત્રકાર પરિષદ યોજી હતી અને મીડિયાને ધમકી આપનાર કેજરીવાલના નિવેદનને યોગ્ય ઠેરવવાના પ્રયાસ કરાયા હતા. કેટલીક ચેનલો ઉપર કેજરીવાલ સામે અભિયાન ચલાવવાનો આક્ષેપ પણ કરાયો હતો. ચુંટણીપંચ સમક્ષ ફરિયાદની ધમકી પણ આપવામાં આવી હતી. ગુરૂવારે કેજરીવાલે નાગપુરમાં પાર્ટીના એક કાર્યક્રમમાં પત્રકારોને જેલભેગા કરી દેવાની ધમકી આપી હતી. આજે એએપીના નેતાઓ ઘણા ખુલાસા કરતા નજરે પડ્યા હતા. આમ આદમી પાર્ટીના ચાર મોટા ચહેરા સંજયસિંહ, આશુતોષ, આશિષ ખેતાન અને દિલીપ પાંડે મીડિયા સમક્ષ રજુ થયા હતા અને કહ્યું હતું કે, મીડિયા પર પ્રશ્ન ઉઠાવવાની બાબત યોગ્ય નથી. ઘણી ચેનલો કેજરીવાલ સામે ઝુંબેશ ચલાવી રહ્યા છે. ચુંટણીપંચ સમક્ષ ફરિયાદ કરવાની ધમકી પણ આપવામાં આવી હતી. પત્રકાર પરિષદમાં આમ આદમી પાર્ટીના નેતાઓ પ્રહારો કરતા નજરે પડ્યા હતા અને કહ્યું હતું કે, અરવિંદ કેજરીવાલની પ્રતિષ્ઠા ખરડવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

# સેબીના પૂર્વ વડા ભાવે સામે સીબીઆઈ તપાસ શરૂ થઈ

નવી દિલ્હી,તા.૧૪

સીબીઆઈએ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના ભૂતપૂર્વ ચેરમેન સીબી ભાવે અને ભૂતપૂર્વ સભ્ય કેએમ અબ્રાહમ સામે પ્રાથમિક તપાસ શરૂ કરી દીધી છે. આ હિલચાલને એક અસામાન્ય હિલચાલ તરીકે ગણવામાં આવે છે. સીબીના પૂર્વ વડા સામે સકંજો મજબૂત કરવામાં આવતા અન્ય અધિકારીઓ પણ આ સકંજામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. રેગ્યુલેટરી સંસ્થાના ટોચના અધિકારીઓ સામે આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. સેબીના બે ભૂતપૂર્વ અધિકારી ઉપરાંત સીબીઆઈ એમસીએક્સ સ્ટોક એક્સચેન્જના સ્થાપક જિગ્નેશ શાહ, તેમની કંપની ફાઈનાશિયલ ટેકનોલોજી ઈન્ડિયા લિમિટેડ અને અન્ય વણઓળખાયેલા અધિકારીઓ સામે પણ તેની તપાસ હાથ ધરી ચૂકી છે. જુદા જુદા કારણોસર આ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત રેગ્યુલેટરી સંસ્થાના બે ટોચના અધિકારીઓ સીબીઆઈની ચકાસણી હેઠળ આવી ગયા છે. અલબત્ત આ બે અધિકારીઓ સામે કોઈપણ કેસ દાખલ કરવામાં આવ્યો નથી. મામલામાં તપાસ પ્રાથમિક તબક્કામાં રહેલી છે. સીબીઆઈની ટીમે નેશનલ સ્પોર્ટ એક્સચેન્જ લિમિટેડ સામે કેસ દાખલ કરવામાં આવ્યા બાદ રાષ્ટ્રવ્યાપી સર્ચ કામગીરી હાથ ધરી હતી. શાહ અને અન્યો ઉપર પીઈસીના મૂડીરોકાણને હાથ ધરવામાં ગેરરીતિનો આક્ષેપ મૂકવામાં આવ્યો છે. આના લીધે ૧૨૦ કરોડથી વધુનું નુકસાન થયું હતું. તપાસમાં જાણવા મળ્યું છે કે એફટીઆઈએલ (ફાઈનાશિયલ ટેકનોલોજી ઈન્ડિયા લિમિટેડ) અને એનએસઈએલમાં જુદી જુદી સંસ્થાઓ તપાસ કરી રહી છે. ગયા જુલાઈ મહિનામાં કોમોડિટી એક્સચેન્જમાં પેમેન્ટ કટોકટી ઉભી થયા બાદ ખળભળાટ મચી ગયો હતો. ૫૫૦૦ કરોડની પેમેન્ટ કટોકટીને લઈને કેન્દ્ર સરકારને પણ ખુલાસા કરવા પડ્યા હતા. એમસીએક્સ-એસએક્સને ૨૦૦૮માં પરવાનગી આપવા અને ૨૦૦૯ અને ૨૦૧૦માં તેની માન્યતા ફરી મંજૂર કરવાના મામલામાં સેબી સકંજામાં છે. ભાવે એ વખતે માર્કેટ રેગ્યુલેટરના હેડ તરીકે હતા. ૨૦૦૮માં એક્સચેન્જે વર્તમાન જોખમોને ધ્યાનમાં લઈને કેટલાક નિર્ણય લીધા હતા.

# ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓ હવે કોઈપણ જગ્યાએથી એફઆઈઆર દાખલ કરાવી શકશે

નવી દિલ્હી, તા.૧૪

ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓ હવે કોઈપણ જગ્યાએથી એફઆઈઆર દાખલ કરાવી શકશે. ટ્રેનમાં પ્રવાસ દરમિયાન જો કોઈ પ્રવાસી ચોરી અથવા અન્ય ગુનાઓનો ભોગ બને છે તો તે વ્યક્તિને અધિકાર ક્ષેત્રને લઈને ચિંતા કરવાની જરૂર નથી. પ્રવાસ બાદ અથવા તો પ્રવાસ દરમિયાન કોઈપણ જગ્યાએથી એફઆઈઆર દાખલ કરાવી શકાશે. તાજેતરના નિર્ણય મુજબ યાત્રીઓ કોઈપણ રેલ્વે સ્ટેશન ઉપર જીરો એફઆઈઆર દાખલ કરાવી શકે છે અને ઝડપી પગલાની માંગ કરી શકે છે. નવી દિલ્હીમાં જોઈન્ટ સીપી મુકેશ મીણાએ માહિતી આપતા કહ્યું છે કે, સંબંધિત પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી શકાશે. ત્યારબાદ આ એફઆઈઆરની નકલ અધિકાર ક્ષેત્ર હેઠળના પોલીસ સ્ટેશનમાં મોકલી દેવામાં આવશે. તેમના નેતૃત્વમાં હાલમાં જ મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવાયો હતો. આમાં પડોશી રાજ્યનો આઈજી ઉપસ્થિત રહ્યા હતા. આ હિલચાલથી પોલીસ વચ્ચે વધુ સારા સંકલનનો માર્ગ પણ મોકળો થશે. સાથે-સાથે ઝડપી પગલાથી આવા બનાવો પણ રોકી શકાશે. અધિકારક્ષેત્રોનો મામલો જટીલ મુદ્દો છે. ટ્રેનોમાં ઘણા બનાવો બનતા રહે છે. પોલીસ સામાન્ય રીતે બનાવ બન્યા બાદ એફઆઈઆર નોંધવાને લઈને ગુંચવણ અનુભવ કરે છે. જો જુદા વિસ્તારમાં બનાવ બને છે તો એફઆઈઆર નોંધવામાં આવતી નથી. સરકારી રેલવે પોલીસ, રેલ્વે પ્રોટેક્શન ફોર્સ અને રાજ્ય પોલીસ વચ્ચે અધિકાર ક્ષેત્રના મુદ્દાને લઈને હોબાળો રહે છે. મીણાએ કહ્યું હતું કે, સંકલન વધારવામાં આવે તે જરૂરી છે. ટ્રેનોમાં વધતા જતા બનાવોને રોકવા માટે પેટ્રોલિંગની પ્રક્રિયાને તીવ્ર બનાવવામાં આવે તે પણ જરૂરી છે. નવી વ્યવસ્થાથી યાત્રીઓને ફાયદો થશે અને કોઈપણ જગ્યાએ ફરીયાદ નોંધાવી શકાશે.

## રૂપિયો એક સપ્તાહની નીચી સપાટીથી રિકવર

ડોલર સામે આજે રૂપિયામાં રિકવરી જોવા મળી હતી. એક સપ્તાહની નીચી સપાટીથી રૂપિયો રિકવર થયો હતો. આજે કારોબારના અંતે રૂપિયો ડોલર સામે ૬૧.૧૯ની સપાટીએ રહ્યો હતો. ગુરૂવારના દિવસે ડોલર સામે રૂપિયો ૬૧.૧૭ની સપાટીએ રહ્યો હતો. કોર્પોરેટ તરફથી રૂપિયાની સ્થિતિને મજબૂત કરવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. વૈશ્વિક પરીબળો પણ આના માટે જવાબદાર દેખાઈ રહ્યા છે. રૂપિયો છેલ્લા બે સપ્તાહના ગાળા દરમિયાન ૦.૨ ટકા સુધી ઘટી ગયો છે. કન્ઝ્યુમર અને હોલસેલ ફુગાવામાં ઘટાડો નોંધાઈ ચુક્યો છે.

# ભાજપ-કોંગ્રેસના ૩૦ ટકા ઉમેદવારો સામે ગંભીર કેસ

નવી દિલ્હી,તા.૧૪

લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસ અને ભાજપ દ્વારા ઉમેદવારોની યાદી નિયમિત પણે જાહેર કરવામાં આવી રહી છે. બંને પક્ષો રાજકારણના અપરાધી તરફને રોકવાની વાત કરી રહ્યા છે પરંતુ ગંભીર પ્રકારના ફોજદારી કેસો ધરાવતાં ઉમેદવારોની ટિકિટ આપી રહ્યા છે. એસોસીએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ એન્ડ નેશનલ ઈલેક્શન વોચના નવા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. એડીઆર અને ન્યૂમાં જણાવવામાં આવ્યું છે કે ૮મી માર્ચ ૨૦૧૪ સુધી મોટી પાર્ટીઓ દ્વારા ૩૦૧ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી છે જે પૈકી ૧૮૮ ઉમેદવારો એવા છે જેમની સામે ફોજદારી કેસો રહેલા છે. જેમાં હત્યા, હત્યાના પ્રયાસ, અપહરણ અને ચૂંટણી આચાર સંહિતાના ભંગનો સમાવેશ થાય છે. ચૂંટણી પંચ સમક્ષ ઉમેદવારો દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલી માહિતીના આધાર ઉપર આ આંકડા જારી કરવામાં આવ્યા છે. ૧૮૮ ઉમેદવારોના આંકડામાં ચકાસણી કર્યા બાદ ૫૬ ઉમેદવારો અથવા તો ૩૦ ટકા ઉમેદવારો તેમની અગાઉની ચૂંટણી એફીડેવીટમાં તેમની સામે ફોજદારી કેસો જાહેર કર્યા હતા. ભાજપ ૬૨ ઉમેદવાર પૈકી ૨૩ ઉમેદવાર એવા ધરાવે છે જેમની સામે કેસ રહેલા છે. કોંગ્રેસ ૩૩ ઉમેદવાર અથવા તો ૨૫ ટકા ઉમેદવાર એવા ધરાવે છે જેમની સામે ફોજદારી કેસ થયેલા છે. ભાજપના ૬૨ ઉમેદવાર પૈકી ૨૩ અને કોંગ્રેસના પણ મોટી સંખ્યામાં ઉમેદવારો સામે કેસ રહેલા છે. ૧૮૮ ઉમેદવારોના નિરીક્ષણમાં ૨૪ ઉમેદવાર અથવા તો ૧૨ ટકા ઉમેદવાર સામે ગંભીર કેસ રહેલા છે જેમાં ભાજપના ૧૪, કોંગ્રેસના ૧૦ ઉમેદવારનો સમાવેશ થાય છે. બરહામપુરથી કોંગ્રેસના વર્તમાન સાંસદ અધીર રંજન ચૌધરી અને લખીમપુરમાંથી ભાજપના એસ સોનોવાલ સામે હત્યાના કેસ પણ થયેલા છે. કોંગ્રેસે ત્રણ એવા ઉમેદવાર જાહેર કર્યા છે જેની સામે હત્યાના પ્રયાસના આરોપ છે.

## દિલ્હીમાં પત્રકાર પરિષદમાં અણણા નાખુશ

# તમામ મુખ્યમંત્રી કરતા મમતા શ્રેષ્ઠ છે : અણણાનો અભિપ્રાય

નવી દિલ્હી,તા.૧૪

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણણા હજારેએ આજે કહ્યું હતું કે, તેઓએ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમુલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીને સમર્થન આપ્યું હતું પરંતુ તેમની પાર્ટીને સમર્થન આપ્યું નહતું. અણણાએ આજે પોતાના નિવેદનથી અલગ મત આપીને તમામને ચોંકાવી દીધા હતા.


પત્રકાર પરિષદમાં અણણાએ કહ્યું હતું કે, મમતા બેનર્જીની સાદગી જોઈને તેમને સમર્થન આપવાની વાત કરવામાં આવી હતી. તેમની પાર્ટી તૃણમુલ કોંગ્રેસને સમર્થન આપવાની વાત તેઓએ કરી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, બે દિવસ પહેલા દિલ્હીના રામલીલા મેદાનમાં થયેલી રેલીમાં અણણા હજારે પહોંચ્યા નહતા. મમતા બેનર્જીની સાથે અણણા પણ અહીં પહોંચનાર હતા. અણણાએ રેલીને લઈને થયેલી અનિયમિતતાના સંદર્ભમાં પોતાના સાથી સંતોષ ભારતીયને દોષિત ગણ્યા છે. અણણાએ ભારતીય પર વિશ્વાસઘાત કરવાનો આક્ષેપ કર્યો છે. અણણાએ કહ્યું હતું કે, મમતા બેનર્જીની રેલી છે તેમ તેમને કહેવામાં આવ્યું હતું. જ્યારે મમતાને એમ કહેવામાં આવ્યું હતું કે, આ અણણાની રેલી છે. આ રેલીમાં ખુબ ઓછી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. બીજીબાજુ અણણાના મિત્ર સુનીતા ગોદાસે કહ્યું છે કે, અણણા હજારે મમતા બેનર્જી અથવા તેમની પાર્ટીને ટેકો આપતા નથી. દિલ્હીની એક ક્લબમાં પત્રકાર પરિષદને સંબોધતાં કહ્યું હતું કે તેઓ મમતા બેનર્જીનું સમ્માન કરે છે. તમામ મુખ્યમંત્રીઓમાંથી મમતા શ્રેષ્ઠ છે.

અણણાએ કહ્યું હતું કે, ઓછા લોકો પહોંચવાના કારણે તેઓ રેલીમાં પહોંચ્યા નહતા. ભારતીય ઉપર આકરા પ્રહારો કર્યા હતા. બપોરે બે વાગ્યે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં માત્ર ચાર-પાંચ હજાર લોકો જ પહોંચ્યા હતા. ગેરમાર્ગે દોરવાનો સંતોષ ભારતીય ઉપર આક્ષેપ કર્યો હતો અને તેમના પ્રત્યે પોતાની ઉગ્ર નારાજગી વ્યક્ત કરી હતી.

# શાકભાજીના ભાવમાં નરમી નોંધાઈ : ફુગાવો ૪.૬૮ ટકા

નવી દિલ્હી,તા.૧૪

સામાન્ય લોકો માટે ખૂબ જ સારા સમાચાર છે. કારણકે, મોંઘવારીનો દર છેલ્લા નવ મહીનાની સૌથી નીચી સપાટી પર પહોંચી ગયો છે. ડુંગળી અને બટાકા જેવી શાકભાજીની કિંમતમાં નરમી આવતા ફેબ્રુઆરીમાં ફુગાવાનો દર ઘટીને નવ મહીનાની નીચી સપાટીએ એટલે કે ૪.૬૮ ટકા સુધી પહોંચી ગયો છે. આનાથી રિઝર્વ બેંક માટે વ્યાજ દરોમાં ઘટાડો કરવાનો માર્ગ મોકળો



બની રહ્યો છે. હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ ઉપર આધારિત ફુડ ફુગાવો ફેબ્રુઆરીમાં ઘટીને ૮.૧૨ ટકા પર આવી ગયો છે. જે છેલ્લે ૮.૮ ટકા હતો. ફુગાવામાં ડિસેમ્બર મહીના બાદથી સતત ઘટાડો થઈ રહ્યો છે. જાન્યુઆરી મહીનામાં આ ઘટીને ૫.૦૫ ટકા થઈ ગયો હતો. ફેબ્રુઆરીથી પહેલાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારીત ફુગાવામાં સૌથી નીચી સપાટી મે ૨૦૧૩માં જોવા મળી હતી. એ વખતે ફુગાવાનો દર ૪.૫૮ ટકા થયો હતો. જુન મહીનામાં આ ફરીવાર વધીને ૫.૧૬ ટકા થઈ ગયો હતો. આજે જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, વાર્ષિક આધાર ડુંગળીમાં ભુગાવાને ફેબ્રુઆરીમાં ૨૦.૦૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. આવી જ રીતે બટાકામાં ફુગાવો ૮.૩૬ ટકા રહ્યો હતો. એકંદરે ફેબ્રુઆરી મહીનામાં શાકભાજીમાં ફુગાવો ઘટીને ૩.૯૯ ટકા રહી ગયો હતો. જે જાન્યુઆરી મહીનામાં ૧૬.૬ ટકા હતો. આ ગાળા દરમિયાન અનાજ, ઘંઉની કિંમતોમાં ઘટાડો થયો છે. આ ગાળા દરમિયાન ફળફળાદી, દૂધ અને અન્ય પ્રોટીનવાળી ચીજવસ્તુઓ જેમ કે ઈંડા, ફિસ અને માંસની કિંમતમાં વધારો થયો છે. ફેબ્રુઆરી મહીનામાં ફળફળાદીમાં ફુગાવો ૯.૯૨ ટકાનો રહ્યો હતો જે જાન્યુઆરી મહીનામાં ૫.૩૨ ટકા હતો. દૂધમાં ફુગાવો ૮.૪૫ ટકા રહ્યો હતો જે જાન્યુઆરીમાં ૭.૨૨ ટકા હતો. ફુગાવામાં ઘટાડો થતાં આરબીઆઈ તેની આગામી પોલીસીમાં વ્યાજદરમાં ઘટાડો કરી શકે છે. વ્યાજદરને લઈને શેરબજાર, ઉદ્યોગજગતમાં ચર્ચા ચાલી રહી છે.

# કંધમાલ ગેંગરેપ કેસ : ત્રણને સેશન્સ કોર્ટે અપરાધી ઠેરવ્યા

નવી દિલ્હી,તા.૧૪

ઓરિસ્સામાં વર્ષ ૨૦૦૮માં કંધમાલમાં ભડકેલી સાંપ્રદાયિક હિંસા દરમિયાન કટ્ટરપંથિઓ દ્વારા ખ્રિસ્તી નન (સાધવી) ઉપર સામુહિક બળાત્કાર સાથે સંબંધિત એક કેસમાં ત્રણ લોકોને અપરાધી ઠેરાવવામાં આવ્યા હતા જ્યારે અન્ય છ લોકોને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા.

કટક જિલ્લા સેશન કોર્ટ દ્વારા આ મુજબનો ચુકાદો આપવામાં આવ્યો હતો. ઓગસ્ટ ૨૦૧૦માં કટકમાં આ કેસમાં ટ્રાયલ શરૂ થઈ હતી. સુનાવણી પરિપૂર્ણ કરી લેવામાં આવ્યા બાદ ટ્રાયલ હાથ ધરવામાં આવી હતી. ચુકાદાની તારીખ ૧૪મી માર્ચ નક્કી કરવામાં આવી હતી. સુનાવણીના છેલ્લા દિવસે આરોપીઓના વકીલે નનની ઓળખ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. બનાવના ખુબ સમય બાદ આ મહિલાએ પત્રકાર પરિષદ યોજ્યા પછી આ સાધવી ક્યાં છે તે અંગે માહિતી મળી હતી ત્યારબાદ રાજ્ય ક્રાઈમબ્રાંચ પોલીસ ટુકડી નવી દિલ્હી પહોંચી હતી અને તેના નિવેદનોની નોંધણી કરી હતી. આરોપીના વકીલે પ્રોસીક્યુશનના નિવેદનની પ્રામાણિક્તાને લઈને પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૮માં કંધમાલ સાંપ્રદાયિક હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ૩૮ લોકોના મોત થયા હતા.જાલેસપટ્ટા આશ્રમમાં વિશ્વ હિંદુ પરિષદના નેતા લક્ષ્મણાનંદ સરસ્વતીની ઘાતકી હત્યા કરવામાં આવ્યા બાદ આદિવાસી વર્ચસ્વવાળા વિસ્તારમાં કોમી હિંસા ભડકી ઉઠી હતી. ખ્રિસ્તી નને એવો આક્ષેપ કર્યો હતો કે તેના પર હુમલો કરવામાં આવ્યો હતો અને સામુહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. કંધમાલમાં બે દિવસ બાદ તેને શેરીઓમાં અર્ધનગ્ન હાલતમાં ફેરવવામાં આવી હતી. આ ચકચારી બનાવની મોડેથી ગંભીર નોંધ લેવામાં આવી હતી અને તપાસ શરૂ થઈ હતી. ઓગસ્ટ ૨૦૧૦માં કટકમાં આ કેસમાં ટ્રાયલ શરૂ થયા બાદ ઝડપથી કાર્યવાહી પરિપૂર્ણ કરવામાં આવી છે. ત્રણ લોકોને અપરાધી ઠેરવવામાં આવ્યા છે પરંતુ સજાની જાહેરાત હજુ કરવામાં આવી નથી. ઓરિસ્સામાં આ બનાવને લઈને ભારે રાજકીય હોબાળો પણ થયો હતો.

## સમાચાર ઝલક

- ઉત્તરપ્રદેશમાં મનરેગા કૌભાંડ અંગે સી.બી.આઇ. તપાસ થશે, સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી.
- દિલ્હીમાં શાળામાં સગીરા પર દુષ્કર્મ આચરતાં ચોકીદારની ધરપકડ.
- પાટણની સાયન્સ કોલેજની લેબોરેટરીમાં બ્લાસ્ટ થતાં વિદ્યાર્થીઓને ઇજા.
- અમદાવાદમાં નોટરી સેવાના ભાવમાં બમણો વધારો લાગુ કરાયો.
- રાજકોટ હાઇવે ટ્રીપલ અકસ્માતથી મુસાફરોને ગંભીર ઇજાઓ.
- વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવની ફિલ્મને ચૂંટણીની આચારસંહિતા નડી.
- તબીબી લાઇનમાં પ્રવેશ અપાવવા બાબતે છેતરપીંડી કરનારઓની ક્રાઇમ બ્રાંચે ધરપકડ કરી.
- મુંબઇમાં સાત માળની ઇમારત ધરાશાયી થઇ.
- આમીરખાને ૪૯મો જન્મદિવસ ઉજવ્યો.
- જૂનાગઢમાં બાઇક સવારોએ એક કલાકમાં દિલધડક બે લૂંટના બનાવો બન્યા.
- ફાગણી પુનમે ડાકોરની પદયાત્રાઓથી રસ્તાઓ ઉભરાવા લાગ્યા.
- ઉત્તરાખંડની યાત્રા તા.રજી મેથી પ્રારંભ થશે.
- દવામાં ભેળસેળ/મિલાવટ માટે સુપ્રીમે આરોગ્ય વિભાગને નોટિસ ફટકારી.
- શેરબજારમાં ભૂતપૂર્વ સે.બી.ના અધ્યક્ષ સામે સીબીઆઇએ ગુનો દાખલ કર્યો.
- તહેલકાના એડીટર તરૂણ તેજપાલને માતાની બિમારીના કારણે કોર્ટે મળવા મંજૂરી આપી.
- નારોલમાં ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝમાં ભીષણ આગ, એક ટ્રક બળીને ખાખ થઇ ગઇ.
- મોબાઇલ ફોનમાં નરેન્દ્ર મોદીની કોલર ટ્યુન આવતા, ચૂંટણીપંચમાં આચારસંહિતાની ફરિયાદ નોંધાઇ.